રજૂ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ :૦૫/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ :૦૯/૦૩/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૫.
આંક : .

**મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૩/૨૦૨૬.**

**અરજદાર :–** **અશોકભાઈ ઉર્ફે અશોક ડામર શંકરભાઈ ઢો. પટેલ,**
રહેવાસી : રાજીવ નગર, ગલી નંબર : ૧,
સેન્ટ્રલ બસ સ્ટેશનની પાછળ, બારડોલી,
તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એ. એસ. પટેલ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦–૩૧૨૩૦૯૧૬/૨૦૨૩, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર

મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી એ. એસ. પટેલની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલ નથી. માત્ર શંકાના આધારે હાલના અરજદારને સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઈ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. સહઆરોપીને વિ. ટ્રાયલ અદાલતે જામીન મુકત કરેલ હોવાથી અરજદારને પેરિટીના સિદ્ધાંતનો લાભ મળવાપાત્ર થાય છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપી મદનભાઈ ગણેશભાઈ શાહુના ઘરે રેઈડ કરતાં ઘરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧૧૫, કિંમત રૂા.૯,૮૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદાર તથા સહઆરોપી પરેશભાઈ પટેલનાઓએ પૂરો પાડેલ હતો. આમ, હાલના અરજદારે સહઆરોપીને દારૂનો જથ્થો પૂરો પાડી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે

છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૧૧૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ નિહાલી ગામમાં સહઆરોપી મદનભાઈ ગણેશભાઈ શાહુના ઘરે રેઈડ કરતાં ઘરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ–૧૧૫, કિંમત રૂા.૯,૮૦૦/– નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો હાલના અરજદાર તથા સહઆરોપી પરેશભાઈ પટેલનાઓએ પૂરો પાડેલ હોવાનો આક્ષેપ છે. મહત્વપૂર્ણ છે કે, અરજદાર/આરોપીને મહુવા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૩૧૨૩૦૬૦૭/૨૦૨૩ ના કામે આ કોર્ટ દ્વારા જે તે સમયે આગોતરા જામીન આપી મુકત કરવામાં આવેલા, પરંતુ તેઓએ હુકમની શરતોનું પાલન ન કરતાં શ્રી સરકાર તરફે અરજદાર/આરોપીના જામીન રદ્દ કરવા ફોજ. પરચુ. અરજી નંબર : ૯૨૯/૨૦૨૩ થી રજૂ થતાં તે કામે આરોપીના આગોતરા જામીન રદ્ કરવામાં આવેલ. ત્યાર બાદ સંડોવણીના કારણે હાલના ગુનાના કામે અટક કરવામાં આવતાં ઉપરોકત જણાવેલ ગુનાના કામે પણ આરોપીને કસ્ટડીમાં લેવામાં આવેલ, જે ગુના સબબ મુકત થવા હાલના અરજદાર/આરોપી દ્વારા ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૧/૨૦૨૬ થી રજૂ થતાં તે નામંજૂર કરવામાં આવેલ છે. આ તમામ બાબતો ધ્યાને લેતાં હાલના કામે અરજદારે દારૂનો સહઆરોપીને પૂરો પાડી સદર ગુનામાં ભૂમિકા ભજવેલ છે તેવા આક્ષેપ ધ્યાને લેતાં અને પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં તેઓની ગુના સબબ પ્રવૃત્તિશીલ રહેવાની વર્તણૂંક ધ્યાને લેતાં, તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં અરજદાર

સામે અન્ય ૨૬ ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત જણાઇ આવે છે તે ધ્યાને લેતાં અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, તેઓ કાયદાને માન આપનાર જણાંતા ન હોય અને હાલનો ગુનો બન્યો ત્યારથી અરજદાર નાસતા ભાગતા હતા અને અઢી વર્ષ ઊપરાંતના સમય બાદ અરજદારની ધરપકડ શક્ય બનેલ છે તે સંજોગોએ જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય અથવા ફરી આવા પ્રકારના ગુનાઓ આચરે તેવી સંપૂર્ણ શક્યતા રહેલી છે, જે હકીકત ધ્યાને લેતાં અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. હાલમાં દારૂનાં વેચાણ ઉપર અંકુશ આવે તેવા સમાજનાં વિશાળ હિતને ધ્યાનમાં રાખી નામ. સરકારશ્રી દ્વારા દારૂબંધીનો કાયદો વધુ કડક કરવા માટે તેમાં સુધારો કરવામાં આવેલ છે તથા સજાની જોગવાઈમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં અરજદાર સતતપણે દારૂના ધંધામાં પ્રવૃત્તિશીલ રહેલ હોય અને કાયદાને માન આપતાં ન હોવાનું સ્પષ્ટપણે ફલિત થતું હોય, તેમજ હાલના કામે પણ સહઆરોપીને દારૂનો જથ્થો પૂરો પાડેલ હોવાનો રોલ ભજવેલ હોય તે હળવાશથી લઈ શકાય નહીં. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી અશોકભાઇ ઉર્ફે અશોક ડામર શંકરભાઇ ઢો. પટેલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૧૯૩/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૯ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૯/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582